જૂન-૨૦૧૧-૧૨ના શૈક્ષણિક વર્ષથી માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ના વધારાના વર્ગો શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-બમશ-૧૩૧૧-૭૨૬-ગ.
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ- -૦૫-૨૦૧૧

**'વંચાણે લીધાઃ-**

(૧) શિક્ષણ વિભાગનો,તા.૭-૪-૧૧નો ઠરાવ ક્રમાંક –પીઆરઇ-૧૧૨૦૧૧-૨૧૮૮૦૫-ક.

**પરિપત્ર :-**

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-2009ના કેન્દ્ર સરકારના કાયદાનો અમલ ગુજરાત રાજયમાં તા.1-04-2010થી શરૂ કરવામાં આવ્યો છે.

ઉક્ત કાયદાની જોગવાય મુજબ ધોરણ-8 હવે પ્રાથમિક શિક્ષણનો ભાગ બને છે, આથી ધોરણ-8ને હવે માધ્યમિક શાળામાંથી ખસેડીને પ્રાથમિક શાળામાં લઇ જવાનું રહે છે અને આ પ્રક્રીયા ત્રણ વર્ષમાં પુરી કરવાની છે.

મફત અને ફરજીયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-2009ના અમલીકરણના ભાગરૂપે જુન-2010 થી ધોરણ-8ના વર્ગો રાજયની કેટલીક પ્રાથમિક શાળાઓમાં શરૂ કરવામાં આવ્યા છે અને સરકાર ઇચ્છે છે કે રાજયની તમામ મધ્યમિક શાળામાંથી ધોરણ-8ના તમામ વર્ગોને પ્રાથમિક શાળામાં ખસેડવાની કાર્યવાહી જુન-2012 સુધીમાં પુર્ણ થઇ જાય.

આ કામગીરી સરળતાથી પુરી થાય અને ધોરણ-8 તથા ધોરણ-9માં પ્રવેશ મેળવવા માટે કોઇ મુશ્કેલી ન પડે તે માટે સરકાર દ્વારા નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

1. જૂન-૨૦૧૦ થી રાજયની ૫૦૦૦ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે અને શિ.વિ.ના તા.૭-૪-૧૧ના ઠરાવથી, ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ૪૩૬૧ વર્ગો અને શહેરી વિસ્તાર (મહાનગરપાલિકા/નગરપાલિકા)ની પ્રાથમિક શાળાઓમાં કુલ-૧૬૦૯ ના વર્ગો મળીને ધોરણ-૮ ના કુલ ૫૯૭૦ વર્ગો જૂન-૨૦૧૧ થી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.
2. સરકારના ઉકત નિર્ણયના કારણે માધ્યમિક શાળાઓમાં ધો-૮ ના તેટલા વર્ગો બંધ થશે અને તેના કારણે ઘણી મોટી સંખ્યામાં માધ્યમિક શાળાઓના શિક્ષકો ફાજલ થશે.

વધુમાં જૂન-૨૦૧૦ માં ધો-૮ ના ૫૦૦૦ વર્ગો પ્રાથમિક શાળાઓમાં શરૂ કરવામાં આવેલ છે. ઉકત વર્ગોના વિદ્યાર્થીઓ જૂન-૨૦૧૧, ધો-૯ માં પ્રવેશ મેળવશે.જેના કારણે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની કેટલીક માધ્યમિક શાળાઓમાં ધો-૯ના નવા વર્ગો શરૂ કરવાની જરૂરીયાત પણ ઊભી થશે.

જયાં સુધી માધ્યમિક શાળામાંથી ધોરણ-8ના તમામ વર્ગોનું પ્રાથમિક શાળામાં સ્થળાંતરની કાર્યવાહી પુરી ન થાય ત્યાં સુધી આવી પરિસ્થિતિ ચાલુ રહેવાની શકયતા છે.

3. સરકાર ઇચ્છે છે કે, ઉપર ફકરા-૨ મુજબ આવી ખાસ પરિસ્થિતિ ધરાવતી માધ્યમિક શાળાઓ હકારાત્મક અભિગમ અપનાવીને જે તે વિસ્તારના વિદ્યાર્થીઓને ધોરણ-8 અને ધોરણ-9માં પ્રવેશ માટે કોઇ મુશ્કેલી ન પડે તથા ફાજલ શિક્ષકોના પ્રશ્ન પણ હલ થઇ શકે તે રીતે જુન-2012 સુધીમાં ધોરણ-8ના તમામ વર્ગો બંધ કરવાનું આયોજન કરે. તે દિશામાં પ્રથમ પગલાં તરીકે દરેક ગ્રાન્ટેડ શાળા સ્વેચ્છાએ પોતાને મળેલ ધોરણ-8ના વર્ગમાં જુન-2011માં 50 % ઘટાડો કરે તો તે શિક્ષકો અન્ય ધોરણમાં શિખવવા માટે ઉપલબ્ધ થઇ શકશે.

આવી શાળાઓ ધો-૯ના વધારાના નવા વર્ગો શરૂ કરવાની માંગણી કરશે તો બજેટ જોગવાઇની મર્યાદાને આધિન દરેક શાળાના વિશિષ્ટ સંજોગો અને જરૂરિયાતને ધ્યાનમાં લઇ ધોરણ-9ના વધારાના વર્ગો મંજુર કરવા માટે અગ્રતા આપવામાં આવશે

4. જૂન-૨૦૧૧ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મેળવવાની મુશ્કેલી ન પડે તે માટે ઉપર મુજબની કાર્યવાહી હાથ ધરવા સર્વે સબંધિત શાળા (ગ્રાન્ટેડ, સરકારી)ના આચાર્યો, જિલ્લા શિક્ષણાધિકારીઓ તથા કમિશનર, શાળાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જે. બ્રહ્મભટ્ટ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

(૧) માનનીય મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
(૨) માનનીય રા.ક.મંત્રીશ્રી, (શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
(૩) માનનીય રા.ક.મંત્રીશ્રી, (ટેક.શિ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર..
(૪) કમિશ્નરશ્રી શાળાઓ,ગુજરાત રાજય,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય ગાંધીનગર.
(૫) તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત).
(૬) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૭ નાયબ સચિવશ્રી (અપીલ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
(૯) સીલેકટ ફાઇલ.